# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 04-03-2025** **MORNING: 7.45 TO 7.55**
**Day: TUESDAY** **National News**

આકાશવાણી સમાચાર **નીકીતા શાહ** વાંચે છે.

*****************************************************

1) બજેટમાં કરવામાં આવેલી જાહેરાતોના સરળ અમલીકરણ માટે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા ત્રણ વેબિનારને સંબોધશે.

2) ભારતની મુલાકાતે આવેલા બેલ્જિયમના રાજકુમારી એસ્ટ્રિડ આજે નવી દિલ્હીમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સાથે મુલાકાત કરશે.

3) યુએનના માનવાધિકાર વડા વોલ્કર તુર્કે, વૈશ્વિક અપડેટમાં કાશ્મીર અને મણિપુરનો ઉલ્લેખ કરતાં ભારતે તેનો સખત વિરોધ કર્યો.

4) કેનેડિયન અને મેક્સીકન ઉત્પાદનો પર આજથી ટેરિફનો અમલ શરૂ થશે.

5) આઇસીસી ચેમ્પિયન્સ ટ્રોફીની આજે ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે પહેલી સેમિફાઇનલ દુબઇમાં રમાશે.

.....................................................................

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# PM-WEBINAR

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા બજેટ બાદના ત્રણ વેબિનારમાં ભાગ લેશે.

આ વેબિનારો, M.S.M.E. ને વૃદ્ધિ, ઉત્પાદન, નિકાસ અને પરમાણુ ઉર્જા મિશન, અને નિયમનકારી, રોકાણ અને વ્યવસાય કરવાની સરળતા સુધારાના એન્જિન તરીકે યોજાઈ રહ્યા છે. આ પ્રસંગે તેઓ સભાને પણ સંબોધિત કરશે.

અમારા સંવાદદાતાના અહેવાલ મુજબ આ ત્રણ અલગ અલગ વેબિનારો સરકારી અધિકારીઓ, ઉદ્યોગ નેતાઓ અને વેપાર નિષ્ણાતોને ભારતની ઔદ્યોગિક, વેપાર અને ઊર્જા વ્યૂહરચના પર ચર્ચા કરવા માટે એક સહયોગી મંચ  પૂરું પાડશે. આ ચર્ચાઓ નીતિ અમલીકરણ, રોકાણ સુવિધા અને ટેકનોલોજી અપનાવવા પર ધ્યાન કેન્દ્રિત કરશે, જેથી બજેટના પરિવર્તનકારી પગલાંનુ સરળતાથી  અમલીકરણ થઇ  શકે. બજેટ જાહેરાતોના અસરકારક અમલીકરણ માટે ખાનગી ક્ષેત્રના નિષ્ણાતો, ઉદ્યોગ પ્રતિનિધિઓ અને વિષય નિષ્ણાતો વેબિનારનો ભાગ બનશે.

# MORN. PM BELGIUM PRINCESS

ભારતની મુલાકાતે આવેલા બેલ્જિયમના રાજકુમારી એસ્ટ્રિડ આજે નવી દિલ્હીમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને મળશે.

આ મહિનાની 8મી તારીખ સુધી તેઓ ભારતની મુલાકાતે છે. રાજકુમારી એસ્ટ્રિડ, બેલ્જિયમના સંરક્ષણમંત્રી થિયો ફ્રેન્કેન સાથે ગઈકાલે

સંરક્ષણમંત્રી રાજનાથ સિંહને મળ્યા હતા. તેમણે બંને દેશો વચ્ચે સંરક્ષણ ઔદ્યોગિક સહયોગ વધારવાના માર્ગો અને માધ્યમો પર ચર્ચા કરી.
સંરક્ષણ મંત્રીએ, સંરક્ષણ ક્ષેત્રમાં બેલ્જિયમના રોકાણનું સ્વાગત કર્યું. તેમણે સૂચન કર્યું કે, બેલ્જિયમની કંપનીઓ ભારતમાં તેમનો વ્યાપ વધારીને અને ભારતીય વિક્રેતાઓને તેમની સપ્લાય ચેઇનમાં એકીકૃત કરીને મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી શકે છે. બંને દેશોએ, સંસ્થાકીય સંરક્ષણ સહયોગ પદ્ધતિ શોધવા માટે પણ સંમતિ દર્શાવી.

# JAISHANKAR-UK

વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકર આજથી બ્રિટન અને આયર્લેન્ડની સત્તાવાર મુલાકાતે જશે.

વિદેશ મંત્રાલયના જણાવ્યા અનુસાર, ભારત અને બ્રિટન વચ્ચે વ્યાપક વ્યૂહાત્મક ભાગીદારી છે. બંને દેશો વચ્ચે સંરક્ષણ, સુરક્ષા, વેપાર, અર્થતંત્ર, આરોગ્ય, શિક્ષણ અને પરસ્પર સંબંધો સહિત વિવિધ ક્ષેત્રોમાં મજબૂત દ્વિપક્ષીય સંબંધો પણ છે. આ મુલાકાત દરમિયાન, ડૉ. જયશંકર બ્રિટનના વિદેશ સચિવ ડેવિડ લેમી સાથે ચર્ચા કરશે અને અનેક મહાનુભાવોને મળશે.

આયર્લેન્ડની તેમની બે દિવસીય મુલાકાત દરમિયાન, ડૉ. જયશંકર આયર્લેન્ડના વિદેશમંત્રી સિમોન હેરિસ અને અન્ય મહાનુભાવોને મળશે. ત્યાં તેઓ ભારતીય સમુદાયના લોકોને પણ મળશે. ભારત અને આયર્લેન્ડ વચ્ચે મૈત્રીપૂર્ણ દ્વિપક્ષીય સંબંધો છે જે સહિયારા લોકશાહી મૂલ્યો, સાંસ્કૃતિક સંબંધો અને વધતી જતી આર્થિક ભાગીદારી પર આધારિત છે.

# MORN. DEFENCE- REPORT

સંરક્ષણ સચિવ રાજેશ કુમાર સિંહે નવી દિલ્હીમાં સંરક્ષણમંત્રી રાજનાથ સિંહને ભારતીય વાયુસેનાની ક્ષમતા વૃદ્ધિ માટેની સશક્ત સમિતિનો અહેવાલ રજૂ કર્યો.

સમિતિએ મુખ્ય ક્ષેત્રોને તારવી અને I.A.F.ના ઇચ્છિત ક્ષમતા વૃદ્ધિ લક્ષ્યોની પ્રાપ્તિ માટે ટૂંકા, મધ્યમ અને લાંબા ગાળાના અમલીકરણ માટે ભલામણો કરી છે. આ અહેવાલમાં એરોસ્પેસ ક્ષેત્રમાં 'આત્મનિર્ભરતા'ને વધારવા માટે પ્રોત્સાહન આપવાની જરૂરિયાત પર પણ ભાર મૂકાયો છે. શ્રી રાજનાથ સિંહે સશક્ત સમિતિના કાર્યની પ્રશંસા કરી અને ભલામણોનું સમયબદ્ધ રીતે પાલન કરવાનો નિર્દેશ આપ્યો હતો.

## HYDROGEN PILOT PROJECT

સરકારે બસો અને ટ્રકોમાં હાઇડ્રોજનના ઉપયોગ માટે અમદાવાદ-વડોદરા-સુરત સહિત દસ  રુટ પર પાંચ પાયલોટ પ્રોજેક્ટ શરૂ કર્યા છે.

આ પ્રોજેક્ટ્સમાં કુલ 37 બસો અને ટ્રકો અને 9 હાઇડ્રોજન રિફ્યુઅલિંગ સ્ટેશનોનો સમાવેશ કરાશે  શરૂઆતમાં, 15 હાઇડ્રોજન ફ્યુઅલ સેલ આધારિત વાહનો અને 22 હાઇડ્રોજન ઇન્ટરનલ કમ્બશન એન્જિન આધારિત વાહનો ચલાવવામાં આવશે. આ વાહનો દેશભરમાં 10 અલગ અલગ રૂટ પર દોડશે, જેમાં ગ્રેટર નોઈડા-દિલ્હી-આગ્રા, ભુવનેશ્વર-કોણાર્ક-પુરી અને અમદાવાદ-વડોદરા-સુરતનો સમાવેશ થાય છે. આ પ્રોજેક્ટ્સ આગામી 18 થી 24 મહિનામાં શરૂ થવાની શક્યતા છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

**ગોન્ગ મ્યુઝીક**

. . . . . . . . . . . . . . .

# ECI- CONFERENCE

**ચૂંટણી પંચ આજથી નવી દિલ્હીમાં તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના મુખ્ય ચૂંટણી અધિકારીઓ સાથે બે દિવસીય પરિષદ યોજશે**

**જ્ઞાનેશ કુમારે મુખ્ય ચૂંટણી કમિશનર તરીકેનો કાર્યભાર સંભાળ્યા પછી આ પહેલી પરિષદ છે. આ બે દિવસીય પરિષદ, રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના ચૂંટણી અધિકારીઓને એકબીજાના અનુભવો પર ચર્ચા કરવા અને તેમાંથી શીખવા માટે એક મંચ પૂરૂં પાડશે.**

**આ પરિષદ દરમિયાન, આધુનિક ચૂંટણી વ્યવસ્થાપનના મુખ્ય ક્ષેત્રો જેમ કે, I.T. આર્કિટેક્ચર, અસરકારક સંદેશાવ્યવહાર, સોશિયલ મીડિયા આઉટરીચ વધારવા અને ચૂંટણી પ્રક્રિયાઓમાં વિવિધ અધિકારીઓની વૈધાનિક ભૂમિકા સહિત અનેક વિષયો પર ચર્ચા કરવામાં આવશે.**

# PUNJAB-SHOT DEAD

અમૃતસરમાં ગઇકાલે ભારત-પાકિસ્તાન સરહદે સુરક્ષા દળ દ્વારા એક પાકિસ્તાની ઘુસણખોર ઠાર મરાયો છે. તાજેતરના સમયમાં આ બીજી ઘટના છે. ગત બુધવારે, બી.એસ.એફ.ના જવાનોએ પઠાણકોટમાં આંતરરાષ્ટ્રીય સરહદ પર એક પાકિસ્તાની ઘુસણખોરને ઠાર માર્યો હતો.

# UN-ARINDAM BAGCHI

ભારતે યુએનના માનવાધિકાર વડા વોલ્કર તુર્ક, દ્વારા કરવામાં આવેલી ટિપ્પણીઓને ફગાવી દીધી છે. તુર્કે, જીનીવામાં માનવાધિકાર પરિષદમાં તેમના વૈશ્વિક અપડેટમાં કાશ્મીર અને મણિપુરનો ઉલ્લેખ કર્યો હતો.

યુએનમાં બોલતા, જીનીવામાં યુએનમાં ભારતના કાયમી પ્રતિનિધિ શ્રી અરિંદમ બાગચીએ આ ટિપ્પણીઓને પાયાવિહોણી ગણાવીને કહ્યું કે, તે અવાસ્તવિક છે.

બાગચીએ ભારપૂર્વક જણાવ્યું કે, ભારત જીવંત અને વૈવિધ્યસભર સમાજ ધરાવતો વિશ્વનો સૌથી મોટો લોકશાહી દેશ છે. તેમણે જમ્મુ અને કાશ્મીરને બદલે તુર્ક દ્વારા કાશ્મીરનો ઉલ્લેખ કરવાની ટીકા કરી અને આ પ્રદેશમાં શાંતિમાં સુધારો, ઉચ્ચ મતદાન, તેજીમય પર્યટન અને ઝડપી વિકાસ પર પ્રકાશ પાડ્યો.

# TRUMP-TARIFF

કેનેડિયન અને મેક્સીકન ઉત્પાદનો પર ટેરિફ યોજના મુજબ જ લાગુ કરવામાં આવશે તેવી અમેરિકના રાષ્ટ્રપ્રમુખ ટ્રમ્પે પુષ્ટી કરી છે. શ્રી ટ્રમ્પે

ગઈકાલે વ્હાઇટ હાઉસમાં પત્રકારોને જણાવ્યું કે, આજથી કેનેડા અને મેક્સિકો પર 25 ટકા ટેરિફ લાગુ થશે જ. રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે પત્રકારોને જણાવ્યું કે, વેપાર વાટાઘાટો અંગે મેક્સિકો કે કેનેડા માટે કોઈ વિકલ્પ રહ્યો નથી.

આ જાહેરાત બાદ અમેરિકન શેરબજારોમાં કડાકો થયો હતો. આ ટેરિફના અમલની મહિનાઓથી શક્યતા જોવાઇ રહી હતી, પરંતુ હવે સત્તાવાર રીતે આજથી તેનો અમલ શરૂ થઈ રહ્યો છે. આ ઉપરાંત, ચીનથી આવતા માલ પર 10 ટકા ટેક્સ પણ ટૂંક સમયમાં લાગુ થઇ શકે છે. ટ્રમ્પ દ્વારા જાહેર કરાયેલા ટેરિફનો કેનેડા અને મેક્સિકો સતત વિરોધ કરી રહ્યું છે.

# SEMIFINAL-INDIA-AUSTRALIA

ICC ચેમ્પિયન્સ ક્રિકેટ ટ્રોફીની પહેલી સેમિફાઇનલમાં આજે દુબઈમાં ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે મેચ રમાશે. આ મેચ ભારતીય સમય મુજબ બપોરે 2.30 વાગ્યે શરૂ થશે.

જ્યારે આવતીકાલે લાહોરમાં ટુર્નામેન્ટના બીજા સેમિફાઇનલમાં ન્યુઝીલેન્ડનો મુકાબલો ગ્રુપ Bના વિજેતા દક્ષિણ આફ્રિકા સામે થશે. ફાઇનલ મેચ રવિવારે રમાશે.

## અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે હર્ષલ પંડ્યા

આજના અખબારોની હેડલાઇન્સ પર નજર કરીએ તો

- દિવ્ય ભાસ્કર દૈનિકે 2047 સુધી સિંહો નદી કાંઠે, સાબરમતી , નર્મદા સુધી પહોંચશે,કુલ વસ્તી 674થી વધીને 925 થયાના અંદાજના મથાળા હેઠળ હેડલાઇન બનાવી છે.
- સિંહ સંવર્ધન, ડોલ્ફીન સંરક્ષણ સાથે ફૂલછાબ દૈનિકે સમાચાર છાપ્યાં છે.
- સંદેશ દૈનિકે સ્ટાલિનનો ફતવો , તામિલનાડુના લોકો જલદી જલદી બાળકો પેદા કરે તેવા હેડિંગ સાથે સમાચાર પ્રકાશિત કર્યા છે.
- ઝેલેન્સ્કી રાજીનામુ આપે અમેરિકાએ દબાણ વધાર્યું નવગુજરાત સમયની આજની હેડલાઇન્સ છે
- યુક્રેન ટ્રેડ ટોક્સ ઓન ટેબલ એઝ જયશંકર વિઝીટસ યુકે ટુડેના સમાચાર ઇન્ડિયન એક્સપ્રેસે પ્રસિધ્ધ કર્યા છે.
- સુપ્રીમ કોર્ટ સેઝ આફટર 75 ઇયર્સ ઓફ ઇન્ડિપેન્ડન્સ કોપ મસ્ટ અન્ડર સ્ટેન્ડ ફ્રી સ્પીચના હેડિંગ સાથે ટાઇસ ઓફ ઇન્ડિયાએ સમાચાર પ્રકાશિત કર્યા છે.
- આ ઉપરાંત કોંગ્રેસના નેતા દ્વારા ટીમ ઇન્ડિયાના કેપ્ટન રોહિત શર્મા જાડો હોવાની ટિપ્પણીને પણ પહેલા પેજ ઉપર છાપ્યા છે આ નિવેદન અંગે બીસીસીઆઇ દ્વારા જાહેર કરાયેલી નારાજગીને પણ બોક્સ આઇટમમાં દરેક અખબારોએ સમાચાર બનાવ્યાં છે. સાથે સાથે આજથી મેક્સિકો અને કેનેડા ઉપર ટેરિફનો અમલ શરૂ કરવા ટ્રમ્પની જાહેરાતને પણ દરેક અખબારોએ પહેલા પેજ ઉપર સ્થાન આપ્યું છે.
- જ્યારે સ્થાનિક અને રાજયના સમાચારોમાં હાઇસિંગ સોસાયટીઓ મકાન ટ્રાન્સફર ફી પેટે  મહત્તમ એક લાખ રૂપિયા ફી લઇ શકે તેવા વિધાનસભામાં મહત્વના નિર્ણયને પણ દરેક અખબારોએ સ્થાન આપ્યું છે.
- જ્યારે સ્પોર્ટસ પેજ ઉપર આજે દુબઇમાં રમાનારી આઇસીસી ચેમ્પિયન ટ્રોફીમાં રમાનારી ભારત અને ઓસ્ટ્રેલિયાની મેચના સમાચાર જોવા મળી રહ્યાં છે..